ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



## ઉશ્કેર-રામકુંડ ગામે બંધ ઘરમાંથી 26 લાખની ચોરી

**ઘરેણાં** અને તલના પાકના રોકડા 6 લાખની ચોરી થતાં પોલીસ ફરિયાદ


હિતેશ પટેલ

માંડવી: ઉશ્કેર-રામકુંડ ગામમાં ખેતીકામ કરતા આરીફ મહમદ શેખના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો રૂ.26.05 લાખની મતા ચોરી ફરાર થઈ ગયા છે. આ ઘટના 29 જૂનની રાત્રે પરિવાર ઘરમાં સૂતો હતો તે દરમિયાન બની હતી.

તસ્કરોએ ચોરી માટે અનોખી મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. તેઓ બહાર રાખેલી સીડી દ્વારા બાથરૂમની છત પર ચડી, ગેલેરી મારફતે પ્રથમ માળના રૂમમાં પ્રવેશ્યા હતા. વહેલી સવારે જાગતા પરિવારને તિજોરી અને કબાટ ખુલ્લા તેમજ સામાન વેરવિખેર મળ્યો હતો. તસ્કરો ઘરમાંથી રૂ.20.04 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના (જેમાં સોનાના સેટ, બંગડીઓ અને 500 ગ્રામ ચાંદી) તેમજ તલના પાકના વેચાણની રૂ.6 લાખની રોકડ રકમ ચોરી ગયા છે. આ અંગે ઘરમાલિકે તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ અજય ઠાકોરે વધુ તપાસ હાથ ધરી છે. અગાઉ પણ ગામમાં ચોરી થઈ ચૂકી હોવાથી તડકેશ્વર પોલીસની હદમાં ફરી બનેલી આ મોટી ઘટનાને પગલે ગ્રામજનોએ પોલીસ પેટ્રોલિંગ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

# ભરૂચ-નર્મદામાં સંભવિત સીમાંકન બાદ બે લોકસભા બેઠક થઈ શકે

**ભરૂચ** જિલ્લામાં 10 વિધાનસભા બેઠક થવાની શક્યતા

ભરૂચઃ રાજ્યના રાજકીય નકશામાં 1975 બાદ સૌથી મોટા ફેરફારની શક્યતા વચ્ચે ભરૂચ અને નર્મદા જિલ્લા માટે મહત્ત્વની સંભાવનાઓ સામે આવી છે. દેશમાં આગામી સીમાંકન (ડિલિમિટેશન) અને નારી શક્તિ વંદન અધિનિયમ-2023 (મહિલા અનામત)ના અમલીકરણની પ્રક્રિયા આગળ વધે તેવી માહિતી સૂત્રો પાસેથી મળી છે.

રાજ્યમાં હાલ લોકસભાની 26 બેઠક છે તે સીમાંકન બાદ 39 કે 40 થઈ શકે છે, જ્યારે વિધાનસભાની 182 બેઠક વધીને 273 થઈ શકે છે. આ વચ્ચે ભરૂચ લોકસભા બેઠકમાં ભરૂચ અને નર્મદા જિલ્લો આવેલો હોવાથી બે લોકસભા બેઠક થવાની સંભાવના છે. જેમાં ભરૂચ બેઠક સામાન્ય રાખી શકાય, જ્યારે નર્મદા બેઠક અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત થાય તો નવાઈ નહીં.

ભરૂચ જિલ્લાની વાત કરીએ તો હાલમાં પાંચ વિધાનસભા બેઠકો છે, પરંતુ વસતી આધારે આ સંખ્યા લગભગ 10 બેઠકો થાય તેવી ભીતિ (આશંકા) વ્યક્ત કરવામાં આવી રહી છે. ભરૂચ વિધાનસભામાં લગભગ 2 લાખની વસતી ધરાવતું ભરૂચ શહેર આવે છે, અંકલેશ્વર-હાંસોટ વિધાનસભામાં 80 હજારની વસતી ધરાવતું અંકલેશ્વર શહેર અને GIDC રહેણાંક વિસ્તારનો સમાવેશ થાય છે, જ્યારે ઝઘડિયા વિધાનસભામાં નેત્રંગ સહિતના ગ્રામ્ય વિસ્તારો આવે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ધારો તો ઝઘડિયા વિધાનસભામાં બે બેઠક, અંકલેશ્વર-હાંસોટમાં બે બેઠક અને ભરૂચ વિધાનસભામાં પણ બે બેઠકો થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, સમયાંતરે લગભગ બારેક વર્ષ પહેલા ઝઘડિયા અને વાલિયા તાલુકામાંથી 77 ગામો છૂટા પાડીને નવો નેત્રંગ તાલુકો બનાવવામાં આવ્યો હતો, પરંતુ તેનો સમાવેશ ઝઘડિયા વિધાનસભામાં જ કરવામાં આવ્યો હતો. હવે નવા સીમાંકનમાં આ તાલુકાને સ્વતંત્ર બેઠક મળી શકે છે. 2024ની લોકસભા ચૂંટણી દરમિયાન ગુજરાતમાં કુલ 4.99 કરોડથી વધુ નોંધાયેલા મતદારો હતા. રાજ્યની 26 લોકસભા બેઠકોમાં સરેરાશ 19 લાખ જેટલા મતદારો આવે છે, પરંતુ અનેક બેઠકોમાં આ સંખ્યા 20 લાખને પાર પહોંચી ગઈ છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં એક લોકસભા બેઠક દીઠ 12થી 15 લાખ મતદારોનું માપદંડ અપનાવવામાં આવશે તો હાલની ઘણી બેઠકોને વિભાજિત કરવી પડશે. ભરૂચ લોકસભા બેઠક સામાન્ય હોવાથી તેમાં ભરૂચ, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાની સાત વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે, જેમાં સૌથી વધુ મતદારો આદિવાસી સમાજના આવે છે. હવે ફેરફાર થાય તો ભરૂચ અને નર્મદા જિલ્લાની અલગ-અલગ બેઠકો બની શકે છે.

## ડોલવણનો નાયબ મામલતદાર 25 હજારની લાંચ લેતાં ઝડપાયો

**જમીન** પ્રકરણમાં પાર્થેશ કટારાએ લાંચ માંગતાં એસીબીની કાર્યવાહી



વ્યારાઃ ડોલવણ તાલુકા સેવા સદન કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર પાર્થેશ નારાયણ કટારા (ઉં.વ.૩૬) (નાયબ મામલતદાર, ડિઝાસ્ટર, ચાર્જમાં મહેસૂલ વિભાગ, મામલતદાર કચેરી ડોલવણ, વર્ગ-૩)એ ડોલવણના કમલાપુર ગામની બ્લોક નં.38 વાળી જમીન વેચાણ દસ્તાવેજથી ખરીદવા વેચનાર પાસેથી લેખિત સંમતિ મેળવેલી જમીનને જરાયતમાંથી બાગાયતમાં એન્ટ્રી કરી બાગાયતમાં તબદીલ કરવાના અવેજ પેટે ફરિયાદી પાસેથી 25 હજારની માંગણી કરી હતી. જે અંગે ફરિયાદીએ ACBમાં ફરિયાદ આપતાં ગતરોજ સુરત ગ્રામ્ય ACBની ટીમે ડોલવણ તાલુકા સેવાસદનમાં છટકું ગોઠવી લાંચિયા નાયબ મામલતદારને મહેસૂલની ઓફિસમાં જ ફરિયાદી પાસેથી 25 હજારની લાંચ લેતાં ઝડપી લીધો હતો. જેને લઇને અન્ય ભ્રષ્ટ કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ACBએ લાંચના રૂ.25 હજાર રિકવર કરી આરોપી નાયબ મામલતદાર પાર્થેશ કટારા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચૈતર વસાવા સામેનો કેસ પરત ખેંચવા કુકરમુંડામાં મામલતદારને આવેદન પાઠવાયું

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકા સમગ્ર સમાજ દ્વારા ધારાસભ્ય ચૈતર વસાવા સામેની FIRને રાજકીય અદાવત ગણાવી મામલતદાર મારફતે રાષ્ટ્રપતિ-રાજ્યપાલને આવેદનપત્ર અપાયું હતું. જેમાં પાટીદાર આંદોલનની જેમ કેસ પરત ખેંચવા, હાઈકોર્ટ દ્વારા FIR રદ કરવા અને બંધારણીય સત્તા હેઠળ વડોદરા જેલમાં બંધ નવજાત બાળકની માતા સહિત તમામ આરોપીઓને મુક્ત કરવા માંગ કરાઈ છે.

## તાતીથૈયામાં યુવાને ફાંસો ખાધો

પલસાણાઃ મૂળ ઓડિશાના ગંજામના જીરોલી ગામના વતની અને હાલ તાતીથૈયાની રાજમંદિર સોસાયટીમાં રહેતા ૨૭ વર્ષીય અનિલ સંતોષભાઇ શાહુએ ગઈકાલે તા.૨૯ જૂન-૨૦૨૬ના રોજ બપોરે આશરે અઢી વાગ્યાના અરસામાં આ અંતિમ પગલું ભર્યું હતું. યુવાને પોતાના ઘરના હોલરૂમમાં આવેલા ધાબાના પંખાની હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લેતાં મોત થયું હતું.

## ભરૂચમાં મોપેડ ચોરાતાં ફરિયાદ

ભરૂચઃ ભરૂચના સોન તલાવડી ખાતે રહેતા વિજયભાઈ વસાવાએ જ્યોતિનગર ત્રણ રસ્તા પાસે પાર્ક કરેલી રૂ.40 હજારની મોપેડ નં.(GJ-16-DN-9346) ચોર ચોરી ગયો હતો. આ અંગે ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

## ચંદ્રવાણ ગામમાં દારૂ ઝડપાયો

નેત્રંગઃ નેત્રંગના ચંદ્રવાણ ગામે એલસીબીએ રેડ પાડી બોરખાડીમાં ખેતર અને ઘરમાંથી રૂ.૮૨,૨૮૬ની કિંમતની વિદેશી દારૂની ૬૪૭ બોટલ અને મોબાઈલ મળી કુલ રૂ.૮૫,૨૮૭નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે બુટલેગર રવિન્દ્ર વસાવાને ઝડપી પાડી, દારૂ સપ્લાય કરનાર સાગબારાના વિકાસને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## અંકલેશ્વરના જગન્નાથ મંદિરે ધાર્મિક વિધિ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભરૂચી નાકા નજીક હરિદર્શન ખાતે આવેલા જગન્નાથ મંદિરમાં ભગવાન જગન્નાથજીની વાર્ષિક રથયાત્રા પૂર્વે પરંપરાગત જળયાત્રાની ધાર્મિક વિધિ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે યોજાઈ હતી. વિધિ દરમિયાન વિવિધ પવિત્ર નદીઓના જળથી સોડશોપચાર પૂજન સાથે ભગવાન જગન્નાથજીનો જળાભિષેક કરવામાં આવ્યો હતો.


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

# અંકલેશ્વર GIDCની શારદા સિન્થેટિક કંપનીમાં આગ લાગી

**ફાયર** વિભાગે આગ પર કાબૂ મેળવ્યો, જાનહાનિ ટળી

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીમાં વરસાદી માહોલ વચ્ચે મંગળવારે વહેલી સવારે આવેલી શારદા સિન્થેટિક કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં કંપનીમાંથી ઊંચી અગ્નિજ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા.

ઘટનાની જાણ થતાં ડીપીએમસી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. બે ફાયર ફાઇટરોની મદદથી યુદ્ધના ધોરણે આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ વધુ નુકસાન અટકાવ્યું હતું.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાના અહેવાલ નથી. આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનુ પ્રાથમિક અનુમાન લગાડવામાં આવ્યું હતું. સંબંધિત વિભાગ દ્વારા આગનાં કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે.

### અંકલેશ્વર GIDCની રાજરત આવરણ પ્રોડક્ટ કંપનીમાં આગ ભભૂકી ઊઠી




અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઇડીસીમાં વિજય ટ્રાન્સપોર્ટ નજીક આવેલી રાજરત આવરણ પ્રોડક્ટ કંપનીમાં અચાનક આગ લાગી હતી. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં કાળા ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા. આગની જાણ થતાં ડીપીએમસી ફાયર વિભાગના બે ફાયર ટેન્ડર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર કંપનીમાં વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન આગ ભભૂકી ઊઠી હતી.

Milano MULTIPLEX
બારડોલી
Welcome To The Jungle
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 05:00pm, 06:45pm, 09:00pm, 10:00pm
Cocktail 2
11:00am, 02:30pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**Public notice for canceling Power of Attorney**

I undersign, **Ahmadnoor s/o Abdul Samad Bangui (Bangi),** residing at 95, Rue Jean Chatel, Saint-Denis (La Reunion Island), I have to give this public notice to public at large that, I have given power of attorney to **Ghodiwala Mehzabin Musa,** aged about 49years, residing at Shekh Daud treet, Tankariya, Dist: Bharuch for Succession / Legal Heirship purpose. But now there is no need to give power of attorney. So, I have canceled the above power of attorney from immediate effect. So, except me, no transaction regarding below mentioned properties in power of attorney.

**THE SCHEDULE OF PROPERTY**

All those immovable agricultural lands/properties situated at **Village Miyavadi, Taluka Bardoli, District Surat, Gujarat,** details of which are as follows:

| Account No. | Block/Survey No. | Area (Hq.Are.Sq.Mtr.) | Akar (Rs.Paisa) |
|---|---|---|---|
| 70 | 114 | 3-69-28 | 9.37 |
| 9 | 122 | 2-49-89 | 24.37 |
| 13 | 101 | 5-95-79 | 47.06 |

like as Transfer, assign, Gift or Sale should be done with above power holder. If it can be done within anybody or any relatives, no such person acquired any kind of right, interest or title over it which note please in the interest of public at large.

**NAVIN J. MODI**-ADVOCATE & NOTARY
AT & POST: BALESHWAR, TA: PALSANA, Dist: Surat. Mobile No: 98255 60544, 99093 23343.

## સંક્ષિપ્ત સમાચાર

### કડોદ વિસ્તારમાં ભંગારનો વેપારી ચોરી કરતા પકડાયો


કેતન પટેલ

કડોદઃ કડોદ મિયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં જેવા કે, આનકેશ્વર રોડ, HP ગેસ એજન્સી પાસે, કડોદ મઢી રોડ વિસ્તારમાં, રેસિડેન્સી ઝોનમાં જાહેર રસ્તા ઉપર ભંગારના ઠેર ઠેર ઢગલા મારી વેપાર ફૂલ્યોફાલ્યો છે. ત્યારે કેટલાક કડોદના મકાન માલિકો પોતાનાં રહેણાક મકાનો આવા પરપ્રાંતી લોકોને ભાડે આપી દે છે. ગામના કેટલાક ભંગારના વેપારીઓ ખેતીવાડીની મોટરો તેમજ વાયરો ચોરી કરતા પકડાયા છે. થોડાં વર્ષો પહેલાં બ્રાહ્મણ ફળિયા નજીક દૂધડેરીની પાસે સોના-ચાંદીનાં ઘરેણાંની ચોરીનો ઉકેલ આજદિન સુધી ઉકેલાયો નથી. આ ચોરીના બનાવથી 100 ફૂટના અંતરે પાણીપુરી વેચતો વ્યક્તિ ખેતીવાડીની મોટર્સ અને વાયર્સ ચોરી કરતાં રંગેહાથ ઝડપાઈ ગયો છે. વધુમાં જાણવા મળતી વિગત પ્રમાણે સરકારી આવાસોમાં પણ મકાનો ભાડે રાખી ભંગારનો વેપાર કરાઈ રહ્યો છે. ત્યારે નગરમાં જાહેર રસ્તા ઉપર રેસિડેન્સી વિસ્તારમાં વેપાર કરતા ભંગારના વેપારીનું કાયમી દૂષણ દૂર કરવા કડોદના લોકોની માંગણી છે.

### માંડવી તાલુકા શિક્ષક ક્રેડિટ મંડળીની ૯૫મી વાર્ષિક સાધારણ સભા મળી


હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકા શિક્ષક સહકારી ક્રેડિટ મંડળીની ૯૫મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખ નટુભાઈ જે. ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં અરેઠ ખાતે મંડળીનું નવું ભવન બનાવવાની જાહેરાત કરાઈ હતી. બાદ ઉપપ્રમુખ જયંતીભાઈએ ઉપસ્થિત સભ્યોનું સ્વાગત કર્યું હતું. સભામાં મહામંત્રી નવીનભાઈ ચૌધરીએ વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક પ્રગતિ અહેવાલ અને એજન્ડા રજૂ કર્યો હતો, જેને ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી હતી. પ્રમુખ નટુભાઈએ પૂર્વ હોદ્દેદારોના યોગદાનને બિરદાવતા સમયસર ધિરાણ આપવાની અને ભવિષ્યના આયોજનની રૂપરેખા સ્પષ્ટ કરી હતી. આ કાર્યક્રમમાં નિવૃત્ત શિક્ષકોનું વિશેષ સન્માન કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ જશવંતભાઈ, પૂર્વ મંત્રી અશોકભાઈ ચૌધરી તેમજ અરેઠ તાલુકા સંઘના પ્રમુખ હેમંતભાઈ ચૌધરી અને મરુવ્રતભાઈ ચૌધરી સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન કીર્તિપાલસિંહ ચૌહાણ તથા અનિલભાઈ ચૌધરીએ કર્યું હતું.

### ચલથાણ રેલવે સ્ટેશન નજીક ઝાડીઓમાં જુગાર રમતા આઠ જુગારી ઝડપાયા

પલસાણાઃ પલસાણાના ચલથાણ રેલવે સ્ટેશન નજીક ઝાડી-ઝાંખરામાં જાહેરમાં જુગાર રમતા આઠ ઈસમને કડોદરા જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જુગારના દાવ પરથી તેમજ અંગજડતીમાંથી રોકડા રૂ.૧૨,૫૫૦ અને ૭ મોબાઈલ ફોન (રૂ.૫૬,૨૦૦) મળી કુલ રૂ.૬૮,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં રવિન્દ્ર બહાદુરસીંગ પવાર (ઉં.વ.૪૧) (ચલથાણ), જ્ઞાનેશ્વર લક્ષ્મણ પાટીલ (ઉં.વ.૨૪) (ચલથાણ), સુરેશભાઈ ધનસીંગ પાટીલ (ઉં.વ.૪૬) (તાંતીથૈયા), દીપકભાઈ ભીલાભાઈ પાટીલ (ઉં.વ.૪૦) (કરાળા), ઉત્તમભાઈ રાઘવભાઈ પાટીલ (ઉં.વ.૫૩) (ચલથાણ), સંદીપભાઈ ભીલાભાઈ પાટીલ (ઉં.વ.૩૫) (ચલથાણ), પવનભાઈ પંડીતભાઈ સુરવાડે (ઉં.વ.૨૬) (ચલથાણ) અને સતીષભાઈ દિલીપભાઈ સીરસાઠ (ઉમ.વ.૩૨) (કરાળા)નો સમાવેશ થાય છે. આ મામલે ગુનો નોંધી એ.એસ.આઈ. દીપકભાઈ મહાલેએ વધુ તપાસ હાથ ધરી છે.

### કડોદ મિયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં દબાણોનો રાફડો!

કડોદઃ કડોદ મિયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં કડોદ સરદાર પટેલ રોડ, ભીંડીબજાર, વઢવાણીયા રોડ અને મિયાવાડી વિસ્તારમાં સરકારી જગ્યામાં બિન અધિકૃત દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે. ગ્રામ પંચાયતના એક સભ્યએ જણાવ્યું હતું કે, કડોદ મિયાવાડી વિસ્તારમાં સરકારી જગ્યામાં 15થી 20 જેટલી સરકારી જગ્યાની આકારણી કરવા માટે અરજી આપવામાં આવી હતી. જેને સરકારી દબાણનાં આવાસોને આકરણી કરવા માટે ગ્રામ પંચાયતના જ ચુંટાયેલા સભ્યો અને દબાણ કરતી વ્યક્તિઓની મીલી ભગતની આકરણી કરવા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને દબાણ કરવાના અહેવાલ પ્રાપ્ત થઇ રહ્યા છે. બારડોલીના મામલતદાર સ્થળ તપાસ કરે તેવી કડોદ નાગરિકોની તીવ્ર લાગણી અને માંગણી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરપાડાના યુવકનું અકસ્માત મોત

બારડોલીઃ બારડોલીના વાઘેચા ગામે વિહાણ રોડ પર ઓવરટેક કરવાની લ્હાયમાં એક ટેમ્પો નં.(જીજે 19 ઝેડ 2931)ના ચાલકે સામેથી આવી રહેલી મોટરસાઇકલને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં મોટરસાઇકલ ચાલક નૈતિક વસાવા (રહે.,ચીમીપાતલ, ઉમરપાડા)નું મોત નીપજ્યું હતું. મૃતક યુવક તેના મિત્રો સાથે બાઇક પર સુરત નોકરીએ જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના ઘટી હતી. બારડોલી ગ્રામ્ય પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### એકતાનગરમાં ટ્રેક્ટર અડફેટે બાળકનું મોત

રાજપીપળાઃ એકતા નગર પાસે ડુરચા ગામના ટ્રેક્ટર નં.(GJ-22-P-8369)ના ચાલક આશિષભાઇ તડવીએ પોતાનું વાહન બેફામ હંકારી ૩ વર્ષના પીયૂષ રાહુલ તડવીને અડફેટે લીધો હતો. માથા અને પગે ગંભીર ઈજા થતાં માસૂમ બાળકનું સારવાર મળે એ પહેલાં જ મોત નીપજ્યું હતું.

### સંજાલીમાં કચરામાંથી નવજાતનો મૃતદેહ મળ્યો

અંકલેશ્વરઃ સંજાલી ગામ નજીક શિવશક્તિ કોમ્પ્લેક્સ પાસે કચરાના ઢગલામાંથી એક અર્ધ વિકસિત નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો હતો. માનવતાને શર્મસાર કરતી આ ઘટનાની જાણ થતાં જ પાનોલી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે નવજાતના મૃતદેહનો કબજો મેળવી કાર્યવાહી શરૂ કરી છે. હાલ પોલીસ આસપાસનાં સીસીટીવી ફૂટેજ અને સ્થાનિકોની પૂછપરછના આધારે બાળકને ત્યજી જનાર અજાણ્યા શખ્સની સઘન શોધખોળ કરી રહી છે.

### વ્યારાના ચાંપાવાડી પાસે ટેમ્પો અને મોટરસાઇકલ અથડાતાં એકનું મોત

વ્યારાઃ વ્યારાના ચાંપાવાડી પાસે પિકઅપ ટેમ્પો નં.(GJ 26 T 6068) અને બાઈક નં.(GJ 26 K 5047) વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં ગંભીર રીતે ઘવાયેલા કણજાના બાઈક ચાલક નિલેશ ચૌધરીનું સુરત હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય શંકર ચૌધરી ઘાયલ થયો હતો. પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

### ખરેઠા ગામનો ફરાર બુટલેગર ઝડપાયો

નેત્રંગઃ ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે વાલિયા પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં ફરાર દિલીપ મોતીસીંગ વસાવા (રહે.,ખરેઠા, નેત્રંગ)ને બાતમીના આધારે તેના ઘરેથી ઝડપી લીધો છે. પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી માટે વાલિયા પોલીસ મથકે સોંપ્યો છે.

### વાલિયામાં અકસ્માતમાં યુવાનનું મોત

ભરૂચઃ અંદાડા ખાતે સેન્ટિંગનું કામ પતાવીને બાઈક પર પરત ફરી રહેલા મૌઝાના યુવકોને વાલિયાના ભુજીયાવડ પાસે અકસ્માત નડ્યો હતો. આગળ ચાલી રહેલી હાઈવા ટ્રક નં.(નં. GJ-22-U-8454)ના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળની મોટરસાઇકલ ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાના કારણે બાઇક ચાલક રોશન વસાવાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

### ભરૂચમાં વોલ્વો બસને બોલેરોએ ટક્કર મારી

ભરૂચઃ ભરૂચના દહેજ રોડ પર યુ.પી.એલ. કોલોની પાસે સોમવારે સાંજે મુસાફરોને ઉતારવા ઊભેલી વોલ્વો બસ નં.(GJ-16,AW-0946)ને પાછળથી પૂરપાટ ઝડપે આવતી બોલેરો પિકઅપ નં.(GJ-19-Z-2327)એ જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બસને રૂ.૧ લાખથી વધુનું નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

### સોનગઢમાં ટેમ્પો અડફેટે યુવકનું મોત

સોનગઢઃ સોનગઢ-નવાપુર હાઇવે પર ગત રાત્રે રોડ ક્રોસ કરતા ૩૦-૩૫ વર્ષના અજાણ્યા યુવકને ટેમ્પો નં.(GJ-36-V-2007)એ ટક્કર મારતાં તેનું મોત નીપજ્યું હતું.

### પાલોદમાં આધેડની લાશ મળી આવી

હથોડાઃ પાલોદ ગામે ખાનસરી કોલોની ફળિયામાં સરપંચના ઘર નજીકથી 50 વર્ષના અજાણ્યા આધેડની લાશ મળી હતી. પાલોદ સરપંચે જાણ કરતાં પોલીસે લાશનો કબજો લીધો હતો.

### સાયણમાં ટ્રેન અડફેટે શ્રમિકનું મોત

સાયણઃ સાયણ નજીક રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે ટ્રેનની અડફેટે આવી જતાં મૂળ ઉત્તરપ્રદેશના ૩૬ વર્ષીય શ્રમિક રાજબહાદુર નિશાદનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

### રામપુરામાં ભેંસો ભરેલો ટેમ્પો ઝડપાયો

વ્યારાઃ તાપીના વ્યારા-માંડવી નેશનલ હાઈવે પર રામપુરા ગામ નજીકથી પોલીસે ગેરકાયદે ભેંસો લઈ જતો આઈસર ટેમ્પો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.૯ લાખના મુદ્દામાલ સાથે ૧૫ ભેંસ મુક્ત કરાવી ટેમ્પો ચાલક યાકુબ મલેક (રહે., ઝઘડિયા) અને ક્લીનર હુમાઈન મુલતાની (રહે.,માંગરોળ)ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય એક આરોપી સલીમ દીવાનને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### કામરેજમાં બંધ મકાનમાંથી ચોરી

કામરેજઃ કામરેજના કેનાલ રોડ પર આવેલી વસંત વિલા સોસાયટીમાં રહેતા ફોટો એડિટર ઘનશ્યામભાઈ ચૌહાણ અને તેમનાં પત્ની રીટાબેન સોમવારે વટ સાવિત્રીની પૂજા કરવા સુરત ગયા હતા. દરમિયાન ઘર બંધ હોવાનો લાભ ઉઠાવી અજાણ્યો તસ્કર ધાબા પરથી પ્લાસ્ટિકનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ્યો હતો. તસ્કર કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂ.૭૦,૦૦૦ મળી કુલ રૂ.૧,૭૦,૦૦૦ની મતા ચોરી નાસી છૂટ્યો હતો. પરિવાર બપોરે પરત ફરતાં ચોરીની જાણ થઈ હતી. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

**જાહેર નોટીસ** **વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં. ૯૧/૨૦૨૬ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ, જિ.સુરત

વાદી : સંદિપભાઈ ગોવિંદભાઈ રાઠોડ
રહે.૫૯, વડ ફળિયું, ઓવિયાણ, તા.કામરેજ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી ઓવિયાણ
ઓવિયાણ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી સંદિપભાઈ ગોવિંદભાઈ રાઠોડ, રહે.૫૯, વડ ફળિયું, ઓવિયાણ, તા.કામરેજ, જિ.સુરતના ભત્રીજા/પુત્ર (પત્રકના કોલમ નં.૩ મુજબ) નામે (પત્રકના કોલમ નં.૪ મુજબ) નો જન્મ (પત્રકના કોલમ નં.૫ મુજબ) ના રોજ (પત્રકના કોલમ નં.૬ મુજબ) મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની/કરાવવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૦ માં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૦/૬ /૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

:: પત્રક ::

| અ. નં. | અરજદારનું નામ અને સરનામુ | અરજદાર સાથે જન્મનાર નો સંબંધ | જન્મ થનારનું નામ | જન્મ તારીખ | જન્મ સ્થળ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | સંદિપભાઈ ગોવિંદભાઈ રાઠોડ, રહે.૫૯, વડ ફળિયું, ઓવિયાણ,તા. કામરેજ, જિ.સુરત | ભત્રીજા | રિષી હરિશભાઈ રાઠોડ | ૨૫/૧૨/૨૦૧૭ | ઓવિયાણ, તા.કામરેજ, જી.સુરત |
| ૨ | | ભત્રીજા | હર્ષ હરિશભાઈ રાઠોડ | ૨૫/૧૨/૨૦૧૮ | |
| ૩ | | ભત્રીજા | હનિશ હરિશભાઈ રાઠોડ | ૨૫/૧૨/૨૦૧૮ | |
| ૪ | | પુત્રી | રિધ્ધી સંદિપભાઈ રાઠોડ | ૧૯/૦૪/૨૦૨૨ | |

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ